# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :- 24-11-2022** **Evening : 7.50 to 8.00**
**Day :- Thursday** **National News**

આકાશવાણી સમાચાર નેહા પંચાલ વાંચે છે.

---

- આબોહવા પરિવર્તન અને ટેકનોલોજી અનુસાર સરકાર પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં કેટલાક ફેરફારો કરશે
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે, કોવિડ, આબોહવા પરિવર્તન અને યુક્રેન સંઘર્ષ વચ્ચે વિશ્વમાં જાડાં ધાન્યની માંગ વધુ સુસંગત બની છે
- દિલ્હીની જામા મસ્જિદમાં પુરૂષ વિના એકલી મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ બાબતે મહિલા પંચે નોટીસ પાઠવી
- દેશમાં કોલસાનું કુલ ઉત્પાદન લગભગ 18 ટકા વધીને 44 કરોડ 80 લાખ ટન જેટલું થયું
- આધાર સત્તામંડળે આધારને ઓળખના પુરાવા તરીકે સ્વીકારતા પહેલાં તેની ચકાસણી કરવા અનુરોધ કર્યો છે
- ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ એક દિવસીય મેચ આવતીકાલે રમાશે
- પાકિસ્તાનમાં, લેફ્ટનન્ટ જનરલ અસીમ મુનીરને ભૂમિદળના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

## GOVT -CROP INSURANCE

આબોહવા પરિવર્તન અને ટેકનોલોજી અનુસાર સરકાર પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં કેટલાક ફેરફારો કરશે. એક સત્તાવાર યાદી અનુસાર કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના સચિવ મનોજ આહુજાએ જણાવ્યું છે કે આ નવા પડકારોને પહોંચી વળવા માટે 2016 પછીની આ યોજનામાં મોટા સુધારાના પગલાં લેવામાં આવ્યાં છે. તેમણે કહ્યું કે 2018માં કેટલીક નવી મૂળભૂત સુવિધાઓ પણ ઉમેરવામાં આવી છે. ખેડૂતો માટે પાકના નુકસાનની સૂચનાનો સમયગાળો 48 કલાકથી વધારીને 72 કલાક કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે નવીનતાઓના યુગમાં, ડિજિટાઇઝેશન અને ટેક્નૉલૉજી સાંકળીને યોજનાની પહોંચ વધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી રહી છે.

## JAISHANKAR-MILLETS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે, કોવિડ, આબોહવા પરિવર્તન અને યુક્રેન સંઘર્ષ વચ્ચે આજે વિશ્વમાં જાડાં ધાન્યની માંગ વધુ સુસંગત છે. નવી દિલ્હીમાં 'ઇન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ 2023' ની ઉજવણીના આરંભ પૂર્વે બોલતાં ડૉ. જયશંકરે જણાવ્યું કે જાડાં ધાન્ય ખાદ્ય સુરક્ષા તેમજ આંતરરાષ્ટ્રીય સંબંધો માટે મહત્વપૂર્ણ છે. કોવિડના સમયગાળા દરમિયાન ખાદ્ય સુરક્ષા મોટો પ્રશ્ન હતો ત્યારે આ પ્રકારના ધાન્ય દ્વારા ખાદ્ય સુરક્ષા ઉભી કરવામાં આવી હતી. આબોહવા પરિવર્તન ઉત્પાદનને ઘટાડી શકે છે અને વેપારને વિક્ષેપિત કરી શકે છે. ત્યારે આંતરરાષ્ટ્રીય દ્રષ્ટીએ ખાદ્ય સુરક્ષા પર વધુ ધ્યાન આપવું જોઈએ.

કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યું કે જાડાં ધાન્યનું આંતરરાષ્ટ્રીય વર્ષ ખાદ્ય સુરક્ષા અને પોષણમાં બરછટ ગણાતા ધનના મહત્વ વિશે જાગૃતિ ફેલાવશે. ભારત જાડાં ધાન્યના મુખ્ય ઉત્પાદકો પૈકી એક છે.

આજના આ આરંભ પૂર્વેના સમારોહમાં 60થી વધુ દેશોના હાઈ કમિશનરો અને રાજદૂતોએ હાજરી આપી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય અનાજ વિશે જાગૃતિ ફેલાવવાનો અને આંતરરાષ્ટ્રીય જાડાં અનાજ વર્ષ 2023 ની સફળ વૈશ્વિક ઉજવણી

માટે અન્ય રાષ્ટ્રો સાથે જોડાવાનો છે. ચોખા અને ઘઉં જેવા અનાજની તુલનામાં બાજરી, જુવાર, રાગી, મકાઈ, જવ જેવાં અનાજમાં પ્રોટીન, ફાઇબર અને ખનિજનું નોંધપાત્ર પ્રમાણ છે.

તેના ઘણા લાભ છે કારણ કે તે ગ્લુટેન મુક્ત અને બિન-એલર્જીક છે. બાજરી એનિમિયા, યકૃતની બીમારી અને અસ્થમાને મટાડે છે તથા તેમાં રહેલા ફાઇબર ભૂખ સંતોષે છે અને સ્થૂળતા તથા ડાયાબિટીસ જેવા રોગોના જોખમને ઘટાડવામાં મદદ કરે છે.

## DCW - WOMEN MASJID BAN

દિલ્હીની જામા મસ્જિદમાં પુરૂષ વિના એકલી મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ બાબતે મહિલા પંચે નોટીસ પાઠવી છે. દિલ્હી મહિલા પંચના અધ્યક્ષા સ્વાતિ માલીવાલે દિલ્હીની જામા મસ્જિદના શાહી ઈમામને નોટિસ પાઠવીને ખુલાસો માંગ્યો છે.

એક અહેવાલ મુજબ, દિલ્હીની જામા મસ્જિદમાં પ્રવેશદ્વાર પર એક નોટિસ મૂકવામાં આવી છે અને તેમાં મસ્જિદમાં મહિલાઓ અને છોકરીઓના એકલા પ્રવેશ પર પ્રતિબંધ મોક્યો છે. પ્રવેશ માટે પુરૂષ સાથી હોવાનું જરૂરી ગણાવ્યું છે. આ પ્રતિબંધની નોંધ લેતાં શ્રીમતી માલીવાલે જણાવ્યું કે મહિલાઓને મસ્જિદમાં મુક્તપણે પ્રવેશતાં અને ધર્મનું પાલન કરતાં અટકાવવું એ અત્યંત ભેદભાવપૂર્ણ છે. પૂજાનાં સ્થળ દરેક માટે ખુલ્લાં હોવાં જોઈએ અને તેમાં જાતિગત ભેદભાવ ના હોવો જોઈએ. તેમણે જણાવ્યું કે, આવો આદેશ બંધારણની જોગવાઈઓ વિરુદ્ધ છે.

## LACHIT BARPHUKAN

નવી દિલ્હીમાં અહોમ સેનાપતિ જનરલ લચિત બરફૂકનની 400મી જન્મજયંતિની ઉજવણી ચાલી રહી છે. આસામ સરકાર દ્વારા આયોજિત ત્રણ દિવસીય કાર્યક્રમની શરૂઆત ગઈકાલે થઈ હતી. લચિત બરફૂકનની વીરતા અને દેશભક્તિ પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકોને માહિતી પૂરી પાડવાનો તેનો હેતુ છે.

આસામના હાથશાળ મંત્રી યુ.જી.બ્રહ્માએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અહોમ સેનાપતિ લચિત બરફૂકનની 400મી જન્મજયંતિની ઉજવણીનું સમાપન કરશે.

દેશની સ્વતંત્રતામાં ભૂલાયેલા નાયકોનું સન્માન કરવાના અનુસંધાનમાં, લચિત બરફૂકનની 400મી જન્મજયંતિનું વર્ષ ઉજવાઈ રહ્યું છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં ગુવાહાટીમાં તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો હતો.

લચિત બરફૂકન આસામના અહોમ રજવાડાની રોયલ આર્મીના પ્રખ્યાત જનરલ હતા, જેમણે મુઘલોને હરાવ્યા હતા અને ઔરંગઝેબની વિસ્તરી રહેલી મહત્વાકાંક્ષાઓને અટકાવી હતી.

## SHAH-LACHIT BARPHUKAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આજે નવી દિલ્હીમાં અહોમ જનરલ લચિત બરફૂકનની 400મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લીધો હતો. તેમણે લચિત અંગેની એક દસ્તાવેજી ફિલ્મને જાહેર કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય આયુષ મંત્રી સર્વાનંદ સોનોવાલે કહ્યું કે દેશના 130 કરોડ ઉપરાંત લોકોને લચિત બરફૂકન વિશે જાણકારી આપવામાં આવી છે. શ્રી સોનોવાલે કહ્યું કે લચિત બરફૂકનના વિચારો અને વીરતા દ્વારા યુવા પેઢી પ્રોત્સાહિત થશે. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આસામના મહાન યોદ્ધા લચિત બરફૂકનના માનમાં આજે રાત્રે ઘેર ઘેર માટીનો દીવો પ્રગટાવવા વિનંતી કરી હતી.

## PM-LACHIT DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લચિત દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, આ લચિત દિવસ ખાસ છે કારણ કે તે મહાન અહોમ સેનાપતિ લચિત બરફૂકનની 400મી જન્મજયંતિ નિમિત્તે

ઉજવાઈ રહ્યો છે. શ્રી મોદીએ જણાવ્યું કે લચિત બરફૂકન અપ્રતિમ હિંમતનું પ્રતિક છે.

## PREZ - GURU TEGH BAHADUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શીખ ગુરુ તેગબહાદુરના શહીદ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ગુરુ તેગબહાદુરે ધર્મ ખાતર પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. આવનારા સમય માટે તેમના બલિદાનને યાદ કરવામાં આવશે. રાષ્ટ્રપતિએ તમામ નાગરિકોને ગુરુ તેગબહાદુરના એકતા અને ભાઈચારાના ઉપદેશને અપનાવવા અપીલ કરી છે.

## COAL PRODUCTION

દેશમાં કોલસાનું કુલ ઉત્પાદન 44 કરોડ 80 લાખ ટન જેટલું થયું છે અને તે ગયા વર્ષના ઓક્ટોબર માસ સુધીના ઉત્પાદન કરતાં 18 ટકા વધુ છે. કોલસા મંત્રાલયના જણાવ્યા મુજબ થર્મલ વીજ મથકોનું ઉત્પાદન આવતા વર્ષના માર્ચના અંત સુધીમાં સાડા ચાર કરોડ ટન સુધી વધારવામાં આવશે. આ મહિનાના અંત સુધીમાં કોલસા આધારિત વીજ મથકમાં 3 કરોડ ટન ઉત્પાદનનું પણ આયોજન છે.

## J&K-WEAPONS RECOVERY

જમ્મુ અને કાશ્મીર પોલીસે સાંબા જિલ્લામાં એક ખેતરમાંથી હથિયારો અને રોકડ રકમ જપ્ત કરી છે. અમારા જમ્મુના સંવાદદાતાના જણાવ્યા મુજબ વિજયપુરમાં ચન્નીમન હાસન પાસે એક શંકાસ્પદ પેકેજ અંગે મળેલી બાતમીના આધારે પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ પેકેજમાંથી એક આઈઈડી, બે પિસ્તોલ, ચાર મેગેઝિન, બેટરી, એક ઘડિયાળ અને પાંચ લાખ રૂપિયાની રોકડ મળી આવી છે.

## UIDAI

આધાર સત્તામંડળ- યુઆઇડીએઆઈ એ આધારને ઓળખના પુરાવા તરીકે સ્વીકારતા પહેલાં તેની ચકાસણી કરવા અનુરોધ કર્યો છે. ચકાસણી કરવાથી

અયોગ્ય કે અસામાજિક તત્વો દ્વારા સંભવિત દુરુપયોગથી બચી શકાય છે. રાજ્ય સરકારોને પણ વિનંતી કરી છે કે ઓળખ દસ્તાવેજ તરીકે ઉપયોગ કરતા પહેલાં આધાર ચકાસણી કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે. આ માટે એમ આધાર એપ અથવા આધાર ક્યુ આર કોડનો ઉપયોગ કરીને આધાર નંબરને ચકાસી શકાય છે.

યુઆઇડીએઆઈ એ ઉમેર્યું કે ઓફલાઈન ચકાસણીમાં આધાર દસ્તાવેજો સાથે ચેડાં થઈ શકે છે અને તે બાબત આધાર કાયદા હેઠળ દંડપાત્ર ગુનો બને છે.

## CRICKET

ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચની શ્રેણીમાં આવતીકાલે પ્રથમ એક દિવસીય મેચ રમાશે. મેચ સવારે સાત વાગે શરૂ થશે. ભારતીય ટીમમાં સુકાની તરીકે શિખર ધવન ટીમનું નેતૃત્વ કરશે. તાજેતરમાં ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની T 20 મેચની શ્રેણી 1 વિરુદ્ધ શૂન્યથી જીતી હોવાથી ટીમ ઈન્ડિયાનો ઉત્સાહ વધારે છે. બીજી વન ડે રવિવારે હેમિલ્ટનના સેડન પાર્કમાં રમાશે અને ત્રીજી મેચ ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલમાં બુધવારે રમાશે.

## PAK-ARMY CHIEF

પાકિસ્તાનમાં, લેફ્ટનન્ટ જનરલ અસીમ મુનીરને ભૂમિદળના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ જનરલ કમર જાવેદ બાજવા પાસેથી કાર્યભાર સંભાળશે, અને તેમની છ વર્ષની મુદત રહેશે. પાકિસ્તાનના માહિતી બાબતોના મંત્રી મરિયમ ઔરંગઝેબે જણાવ્યું કે પ્રધાનમંત્રી મુહમ્મદ શાહબાઝ શરીફે, લેફ્ટનન્ટ જનરલ સાહિર શમશાદ મિર્ઝાને લશ્કરી દળોના સંયુક્ત વડા તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે.

## RASHTRAPATI BHAVAN

રાષ્ટ્રપતિ ભવન જાહેરજનતા માટે પહેલી ડિસેમ્બરથી અઠવાડિયામાં પાંચ દિવસ માટે ખુલ્લું રહેશે. બુધવાર થી રવિવાર એમ પાંચ દિવસ રાષ્ટ્રપતિ ભવનની

મુલાકાત લઈ શકાશે. જો કે જાહેર રજાઓના દિવસે મુલાકાત બંધ રહેશે. રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત માટે દરરોજ સવારે 10 વાગ્યાથી બપોર બાદ ચાર વાગ્યા સુધીના દર કલાકના સમયગાળા માટે મંજુરી આપવામાં આવે છે. બપોરે એક થી બે દરમિયાન રીસેસ હોય છે.